# આણંદ કૃષિ યુનિવર્સીટી ખાતે સ્કીલ વિજ્ઞાન યોજના અંતર્ગત વિદ્યાર્થી માટે ટ્રેઈનીંગ કાર્યક્રમ નો શુભારંભ

આણંદ કૃષિ યુનિવર્સીટી ખાતે ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી પ્રાયોજિત "સ્કીલ વિજ્ઞાન યોજના" અંતર્ગત વિદ્યાર્થી ટ્રેઈનીંગ પ્રોગ્રામનો શુભારંભ માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તા. ૧, માર્ચ ૨૦૨૪ નાં રોજ યોજવામાં આવ્યો હતો. આ ટ્રેનીંગ પ્રોગ્રામ ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મીશન, ગાંધીનગરના સહયોગથી ડીપાર્ટમેન્ટ ઓફ ફૂડ સેફટી એન્ડ ક્વોલીટી એસ્યોરન્સ, કોલેજ ઓફ એફ.પી.ટી. એન્ડ બી.ઈ. દ્વારા આયોજન કરવામા આવેલ છે. જે માટે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મીશન, ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓનું ચયન કરવામાં આવેલ છે. લાભાર્થી વિદ્યાર્થીને માઈક્રોબાયોલોજી-ક્વોલીટી કંટ્રોલ વિષય ઉપર ૩ મહિનાની તાલીમ આપવામાં આવશે. જે અંતર્ગત તાલીમાર્થીઓને વિવિધ બાયોટેકનોલોજીને સલગ્ન સાધનો અને તકનીક અંગે વિસ્તૃત જરૂરી કૌશલ્ય પ્રદાન કરવામાં આવશે. જેથી તાલીમાર્થીઓને વિવિધ પ્રકારના ઉદ્યોગોમાં માઈક્રોબાયોલોજીસ્ટ તરીકે નોકરી માટેની તકો પ્રબળ બને. વિદ્યાર્થીઓએ મેળવેલ શિક્ષણ અને ઉદ્યોગોને જરૂરી કૌશલ માટે, આ તાલીમ એક અગત્યનું ઘટક બની રહેશે. જેના લાભ ગુજરાત અને અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓને મળશે.

આ સમારોહના મુખ્ય આતિથિપદેથી માનનીય કુલપતિશ્રી ડો. કે. બી. કથીરિયા સાહેબે ગુજરાત તથા અન્ય રાજ્યોના તાલીમાર્થીઑને આણંદ કૃષિ યુનિવર્સીટી ખાતે વિવિધ સંશોધન કેન્દ્રમાં ચાલતી પ્રવૃતિઓની રૂપરેખા આપી, તાલીમાર્થીઓને તેનો લાભ મળે તે માટેના જરૂરી સૂચનો આપ્યા હતા. તદ્ઉપરાંત હાલના સમયમાં ગુણવત્તા અને સુરક્ષા માટેની વિવિધ તકનિક તથા તેને આનુસંગિક સંશોધનની જરૂરિયાત ઉપર ભાર મુક્તા જણાવેલ કે પૃથકરણ અને તેના અહેવાલની સચોટતા અને વિશ્વશનીયતા ખુબજ જરૂરી છે. આ તાલીમ દ્વારા આ અંગે વિવિધ તજજ્ઞો દ્વારા તાલીમાર્થીઓને સંપૂર્ણપુરણે સજ્જ કરવામાં આવશે. આ કાર્યક્રમના અતિથિપદેથી સંશોધન નિયામકશ્રી અને અનુસ્નાતક શિક્ષણના ડીનશ્રી ડો. એમ. કે. ઝાલા સાહેબે પણ તાલીમાર્થીઑને સૂક્ષ્મજીવોના પૃથકરણની અગત્યતા ઉપર વિગતવાર માહિતી આપી પ્રોત્સાહિત કર્યા હતા. એફ.પી.ટી. એન્ડ બી.ઈ. કોલેજના ડીન ડો. સમિત દત્તા સાહેબે પણ કોલેજ દ્વારા સ્કિલ ડેવલપમેંટ માટે ચાલતી અન્ય પ્રવૃતિઓ વિષે તાલીમાર્થીઑને માહિતી આપી અને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.




DBT SKILL
VIGYAN
PROGRAM
GUJARAT
AAU


DBT SKILL
VIGYAN
PROGRAM
GUJARAT


AAU